તુલસી વિવાહઃ ભગવાન શાલિગ્રામનું દિવ્ય પ્રાગટ્ય

ધર્મરંગ

વ્યોમા સેલર

હિન્દુ ધર્મ અને વૈષ્ણવ પરંપરામાં તુલસી મહારાણીનું સ્થાન અત્યંત પવિત્ર અને મહિમાવંત છે. તુલસી માત્ર એક વનસ્પતિ નથી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણની અતિપ્રિય ભક્ત અને દિવ્ય સ્વરૂપ છે. કારતક માસના શુક્લ પક્ષની એકાદશી, જેને દેવઉઠી એકાદશી અથવા પ્રબોધિની એકાદશી કહેવામાં આવે છે, તે દિવસે તુલસી વિવાહનું પવિત્ર આયોજન કરવામાં આવે છે. આ દિવસે તુલસી મહારાણીના વિવાહ ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે કરવામાં આવે છે. આ પ્રસંગ ભક્તિ, સમર્પણ અને દિવ્ય પ્રેમનું પ્રતીક છે.

વૃંદા માતાની અદ્ભુત ભક્તિની કથા

પૌરાણિક કથા અનુસાર, વૃંદા નામની એક મહાન પતિવ્રતા સ્ત્રી હતી. તેમના પતિ જલંધર નામના શક્તિશાળી અસુર હતા. વૃંદાની પતિવ્રતા શક્તિ અને ભગવાન પ્રત્યેની નિષ્ઠાને કારણે જલંધરને પરાજિત કરવો દેવતાઓ માટે અશક્ય બની ગયો હતો. જલંધરના અત્યાચારોથી મુક્તિ મેળવવા દેવતાઓએ ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી.

ભગવાન વિષ્ણુએ દેવતાઓના કલ્યાણ માટે જલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાની સમક્ષ પ્રાગટ્ય કર્યું. વૃંદાનું પતિવ્રત તપ ભંગ થતાં જલંધરની શક્તિ ક્ષીણ થઈ અને યુદ્ધમાં તેનો અંત આવ્યો. જ્યારે વૃંદાને આ ઘટનાની જાણ થઈ ત્યારે તેમને અત્યંત દુઃખ થયું. તેમણે ભગવાન વિષ્ણુને પથ્થર બની જવાનો શ્રાપ આપ્યો. ભગવાને વૃંદાના શ્રાપને સ્વીકાર્યો અને શાલિગ્રામ શિલા સ્વરૂપે પ્રગટ થયા.

વૃંદાએ પોતાનું શરીર ત્યાગ્યું ત્યારે તેમના પવિત્ર શરીરમાંથી તુલસીનો છોડ પ્રગટ થયો. ભગવાન વિષ્ણુએ વૃંદાને આશીર્વાદ આપ્યા કે તમે તુલસી મહારાણી તરીકે સદાય મારી પ્રિય રહેશો. મારા દરેક પૂજનમાં તુલસીદલનું વિશેષ સ્થાન રહેશે. તુલસી વિના મારી પૂજા અધૂરી ગણાશે.



શાલિગ્રામ ભગવાનનું દિવ્ય પ્રાગટ્ય

નેપાળના ગંડકી નદીના પવિત્ર પ્રવાહમાં શાલિગ્રામ શિલાઓ પ્રાપ્ત થાય છે, વૈષ્ણવ પરંપરામાં આ શિલાઓ ભગવાન વિષ્ણુનું સાક્ષાત્ સ્વરૂપ માનવામાં આવે છે. તેમાં જોવા મળતાં ચક્રચિહ્નો ભગવાનના સુદર્શન ચક્રનું પ્રતીક માનવામાં આવે છે. શાલિગ્રામજીની સ્થાપના માટે અલગથી પ્રાણપ્રતિષ્ઠાની આવશ્યકતા માનવામાં આવતી નથી, કારણ કે તેઓ સ્વયંસિદ્ધ દિવ્ય સ્વરૂપ છે.

ભગવાન શાલિગ્રામ અને તુલસી મહારાણીનો સંબંધ ભક્તિ અને ભગવાન વચ્ચેના અતૂટ પ્રેમનું પ્રતીક છે. તુલસીદલ ભગવાન વિષ્ણુ અને શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય છે. શ્રીમદ્ ભાગવત અને વૈષ્ણવ પરંપરામાં પણ ભગવાનની તુલસી પ્રત્યેની પ્રીતિનું વિશેષ મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

> નેપાળના ગંડકી નદીના પવિત્ર પ્રવાહમાં શાલિગ્રામ શિલાઓ પ્રાપ્ત થાય છે, વૈષ્ણવ પરંપરામાં આ શિલાઓ ભગવાન વિષ્ણુનું સાક્ષાત્ સ્વરૂપ માનવામાં આવે છે

તુલસી વિવાહનું આધ્યાત્મિક મહત્ત્વ

તુલસી વિવાહના દિવસે તુલસી મહારાણીને કન્યાની જેમ શણગારવામાં આવે છે. તેમની પાસે ભગવાન શાલિગ્રામજીને પધરાવીને મંગળગીતો, કીર્તન અને મંત્રોચ્ચાર સાથે વિવાહવિધિ કરવામાં આવે છે. તુલસીજીને લાલ ચુંદડી, ફૂલહાર, આભૂષણો અને મીઠાઈનો ભોગ ધરાવવામાં આવે છે. ભક્તો ભગવાન વિષ્ણુ અને તુલસી મહારાણીના દિવ્ય મિલનના સાક્ષી બનીને આનંદ અનુભવે છે.

આ ઉત્સવનું મહત્ત્વ માત્ર ધાર્મિક વિધિ પૂરતું નથી. તે આપણને શીખવે છે કે સાચી ભક્તિમાં અહંકારને સ્થાન નથી. ભગવાન પોતાના ભક્તના પ્રેમ અને સમર્પણથી પ્રસન્ન થાય છે. તુલસી મહારાણીની જેમ નિઃસ્વાર્થ ભક્તિ અને ભગવાન પ્રત્યે અતૂટ શ્રદ્ધા રાખવી એ જ આ ઉત્સવનો સાચો સંદેશ છે.

તુલસી મહારાણીના ચરણોમાં એક નાનકડું તુલસીદલ અર્પણ કરવું પણ ભક્ત માટે મહાન સૌભાગ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા માટે ભવ્ય ભોગ કરતાં પણ પ્રેમપૂર્વક અર્પણ કરેલું તુલસીદલ વિશેષ મહત્ત્વ ધરાવે છે.

આ પવિત્ર અવસરે આપણે સૌ પ્રાર્થના કરીએ કે તુલસી મહારાણી અને ભગવાન શાલિગ્રામજીની કૃપાથી દરેકના જીવનમાં ભક્તિભાવ, પવિત્રતા અને હરિનામનું સ્મરણ સતત વધતું રહે.

વૈષ્ણવ પરંપરામાં તુલસી મહારાણીની સેવા ભક્તિના મહત્ત્વના અંગ તરીકે સ્વીકારવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણની પૂજામાં તુલસીદલ અર્પણ કરવાનું વિશેષ મહત્ત્વ છે. ભક્તો દરરોજ તુલસીજીને જળ અર્પણ કરે છે, દીવો પ્રગટાવે છે અને તેમની પરિક્રમા કરીને આશીર્વાદ મેળવે છે. તુલસી મહારાણીની કૃપાથી મનમાં સાત્ત્વિકતા, શાંતિ અને ભક્તિભાવનો વિકાસ થાય છે. તુલસીજી આપણને શીખવે છે કે જીવન ભગવાનની સેવામાં સમર્પિત કરવું એ જ સાચું સૌભાગ્ય છે. હરિભક્ત માટે તુલસીજી માત્ર પૂજનીય નથી, પરંતુ શ્રીકૃષ્ણ સુધી પહોંચવાનો પ્રેમભર્યો આધ્યાત્મિક આશ્રય છે.

શુકદાસ બાઉલ

બાઉલ કથા

લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના ઉત્તર છેડે, મૂરતિ નદીના પૂર્વકાંઠે, લાલ ટોન ગામમાં શુકદાસ બાઉલના આશ્રમે બેઠા હતા. અમે દાર્જલિંગથી નીકળ્યા હતા ત્યારથી અમારા સાથી અનુજ હલધરને એક આશ્ચર્ય હતું કે બાઉલમાં સામાન્ય રીતે શુક નામ હોતું નથી. તે નામ ગૌડીય પરંપરાના વૈષ્ણવમાં પણ જોવા મળતું નથી, આ નામ સામાન્ય રીતે વૃંદાવન કે પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવ પરંપરામાં જોવા મળે છે. તો આ બાઉલનું નામ શુકદાસ કઈ રીતે પડયું? તે જાણવું રસપ્રદ રહેશે.

સવારના દસેક વાગ્યે અમે શુકદાસના આશ્રમે પહોંચ્યા. ત્રણ વર્ષ પહેલાં શુકદાસ સાથે કેન્દુલીના જયદેવ મેલામાં ગોઠડી કરેલી તે તેને યાદ હતું. અમે 'જય ગુરુ' કહી આસન લીધું. અમે વાતની શરૂઆત કરી, ''બાઉલ! આ પ્રદેશ તો નેડા બાઉલની વિશેષ વસ્તીનો છે, તેમાં સહજીયા વૈષ્ણવ તરીકે તને તો એકલું લાગતું હશે!''



તે બોલ્યો, ''જરા પણ નહીં! મારે તો આ મૂરતિ નદી, આ નિસર્ગ અને થોડા પ્રેમાળ ગામજનને સત્સંગથી રાજી કરતા કરતા રહેવાનું છે. તેમાં જે જોડાય તે બધા સાથી! તમે જ જુઓ ને! શું તમે નેડા બાઉલને મળવા આવ્યા છો? કે મને? આ રીતે આનંદથી ભજન સાધના થયા કરે!'' શુકદાસને ખીલેલો જોઈ, અનુજ હલધરે પૂછ્યું, ''બાઉલ! તમારું નામ શુકદાસ એ ગુરુએ આપેલું છે કે તમે પોતે રાખેલું છે? કારણ કે મેં પહેલી વખત બાઉલમાં શુક નામ સાંભળ્યું.''બાઉલ બોલ્યા, ''ભાઈ, તારી વાત ખૂબ જ સાચી! સમાજ અને મોટાભાગના બાઉલ પણ શુક એટલે કે પોપટ, જે માત્ર મોટેથી કામનો અવાજ કર્યા રાખે છે, કામ કરતો નથી! સાથોસાથ મગજ કે હૃદયમાં કશું ન ઊતરે તેનો પૂરેપૂરો ખ્યાલ રાખે છે! તેથી માણસો શુકને તિરસ્કારનું કારણ માને છે. વિગતની અંદર ઊતર્યા વગરનાં આચરણો અને પાઠને શુક પાઠ કહેવામાં આવે છે. આ રીતે મારો પણ શિક્ષા-સંગીત- સાધના અને દીક્ષાનો જે ગાળો હતો તે પૂર્ણ થયો હતો. મને દીક્ષાંત કરવાનો સમય આવ્યો ત્યારે પરંપરા પ્રમાણે ગુરુએ મારું નામ સંતોષ હતું તેમાંથી શુકદાસ રાખ્યું. મેં તે નામ ગર્વપૂર્વક ગ્રહણ કરી લીધું પણ તે સભામાં બેઠેલા કેટલાક ગ્રામજનો આ નામ સાંભળી ઉપેક્ષાપૂર્વક હસવા લાગ્યા.'' થોડું રોકાઈ અનુજ હલધર સામે જોઈ, બાઉલ બોલ્યો, ''જે રીતે આજે તને આ નામ નવીન અને હલકું લાગે છે ને તે રીતે જ તેઓ માનતા હશે તેવું લાગે છે.'' પછી વાતને આગળ વધારતાં બાઉલ બોલ્યો, ''...પણ ગુરુએ તે દિવસે કરેલી વાતમાં તારા વિષયનો જવાબ પણ સમાવિષ્ટ થાય છે. તેથી આ વાત કરું છું.''વાતને આગળ વધારતાં બાઉલ બોલ્યા, ગુરુએ કહ્યું, 'તમે શુકને ફળ ખાતો જોયો છે? તે આખા ઝાડમાં જે પક્વ હોય છે તે જ ફળને તોડે છે! કાચાં ફળને અડતો નથી! આ મારા બાઉલનું પણ એવું જ છે, તે પાકાં હોય તે ફળને જ પકડે છે, ફળ આખેઆખું ખાઈ જવાને બદલે, તેમાંથી થોડું ખાઈ, ધરતી પર ફેંકી દે છે! શા માટે ખબર છે? અન્ય જીવો કે જે ધરતી પર ફરે છે, કીટક, કીડી, મકોડી, વગેરે માટે તે આવું કરે છે! તે ફળનો ગરભ ખાય છે, છાલ ખાય છે પરંતુ ફળનું બીજ અખંડ રાખી અને ગળી જાય છે! નહિતર તેની ચાંચ તો કેટલી શક્તિશાળી હોય છે બીજને તોડીફોડી નાખે! પરંતુ તે એટલા વાસ્તે તેને નથી તોડતો કે તે બીજને અખંડ રાખી, જમીનમાં આરોપિત થવા દઈ, બીજો છોડ ઉગાડવા ઈચ્છતો હોય છે.મારો બાઉલ પણ નવા છોડની ઉત્પત્તિ કરશે, ભજનસાધનાનો ગર્ભસાર તે ગ્રહી લેશે પણ નવો છોડ ઉત્પન્ન કરવા બીજને શુકની જેમ છોડી દેશે.'' હું સજળ નેણે મારા નવા નામને સ્વીકારી હાથ જોડી બેસી રહ્યો. અમારી તરફ ફરી બાઉલ બોલ્યો, ''બોલો હવે શુકદાસ નામ સાથે તમને કોઈ વાંધો છે? અમે કંઈક કહીએ તે પહેલાં તો બગીચામાં બેઠેલા શુક મહારાજોએ અમારા વતી એકીસાથે 'ના,ના,ના,' બોલી જવાબ આપ્યો.



> આ મારા બાઉલનું પણ એવું જ છે, તે પાકાં હોય તે ફળને જ પકડે છે, ફળ આખેઆખું ખાઈ જવાને બદલે, તેમાંથી થોડું ખાઈ, ધરતી પર ફેંકી દે છે! શા માટે ખબર છે? અન્ય જીવો કે જે ધરતી પર ફરે છે, કીટક, કીડી, મકોડી, વગેરે માટે તે આવું કરે છે! તે ફળનો ગરભ ખાય છે, છાલ ખાય છે પરંતુ ફળનું બીજ અખંડ રાખી અને ગળી જાય છે